ડીપ્લોમા લેવલના અભ્યાસક્રમો ચલાવતી ઇજનેરી/ફાર્મસી કોલેજના અધ્યાપકો માટેની કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમના ઠરાવમાં સુધારો બહાર પાડવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક: એસસીટી-૧૦૨૦૧૩-૮૩૧૦૧૫-ધ
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૨/૧૦/૨૦૧૭

ટેકનિકલ શિક્ષણ સંસ્થા
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
પત્ર મળ્યાની તારીખ
13 OCT 2017

**વંચાણે લીધા:**

(૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: એસસીટી/૧૦૨૦૧૦/૧૯૨૮/૩૭૬૭૯૨/ધ તા. ૦૨/૦૮/૨૦૧૧

(૨) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: એસસીટી/૧૦૨૦૧૩/૮૩૧૦૧૫/ધ તા. ૧૨/૧૧/૨૦૧૪

(૩) ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશનની તા. ૦૪/૦૧/૨૦૧૬ની અધિસુચના ક્રમાંક- F-No- 27/RIFD/Pay Scale/01/2013-14

(૪) કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણનો તા. ૨૨/૦૪/૨૦૧૬નો પત્રક્રમાંક:- સીટીઇ/મા.મંત્રી/બેઠક/૨૦૧૬/૧૦૬૯૯

**આમુખ:-**

રાજ્ય સરકાર દ્વારા ડીપ્લોમા લેવલના અભ્યાસક્રમો ચલાવતી ટેકનિકલ સંસ્થાઓના શૈક્ષણિક સ્ટાફ માટે સંદર્ભ-(૨)ના ઠરાવથી કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ લાગુ પાડવામાં આવી હતી. ત્યારબાદ સંદર્ભ-(૩)ની અધિસૂચનાથી ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન દ્વારા કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમના કેટલાક મુદ્દાઓની વિસંગતતા બાબતે તા. ૦૪/૦૧/૨૦૧૬ના સ્પષ્ટતાઓ સાથેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યુ હતું, તે અન્વયે કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણના સંદર્ભ-(૪)ના પત્રથી ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન દ્વારા કરાયેલ કેટલીક સ્પષ્ટતાઓ માટે અને તે અંતર્ગત સંદર્ભ-(૨)ના ઠરાવમાં સુધારા કરવા માટેની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ:-**

| ક્રમ | મુદ્દા | ઠરાવની પ્રવર્તમાન જોગવાઇ | સુધારો |
|---|---|---|---|
| (૧) | સ્કીનીંગ કમિટિ અને સિલેક્શન કમિટિની રચનાનું માપદંડ | શિક્ષણ વિભાગના તા.૧૨/૧૧/૨૦૧૪થી પ્રસિધ્ધ થયેલ ઠરાવના મુદ્દા નં. ૦૧માં નિયત થયા મુજબ સ્કીનીંગ કમિટી એકેડેમીક ગ્રેડ પે (એ.જી.પી) રૂ.૭૦૦૦/- સુધી અને સિલેક્શન કમિટી ત્યાર પછીની એ.જી.પી. મુવમેન્ટ મંજૂર કરવાની કાર્યવાહી કરશે. | ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશનના તા.૦૪/૦૧/૨૦૧૬ની અધિસૂચના મુજબ સ્કીનીંગ કમિટી એ.જી.પી રૂ. ૮૦૦૦/- સુધી અને સિલેક્શન કમિટી ત્યાર પછીની એ.જી.પી. મુવમેન્ટ મંજૂર કરવાની કાર્યવાહી કરશે. |

| | | | |
|---|---|---|---|
| (૨) | અધ્યાપકોએ મેળવવાના રહેતા કેટેગરી વાઇઝ એન્યુઅલ પર્ફોમન્સ ઇન્ડેક્ષ (એ.પી.આઇ.) સ્કોર તથા સ્ટેજવાઇઝ એ.જી.પી. મુવમેન્ટમાં એ.આઇ.સી.ટી.ઇ. મુજબ અમલ કરવા બાબત. | કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમના તા.૧૨/૧૧/૨૦૧૪થી પ્રસિધ્ધ થયેલ ઠરાવના મુદ્દા નં ૦૫ માં નિયત થયા મુજબ અધ્યાપકોએ મેળવવાના રહેતા કેટેગરીવાઇઝ એ.પી.આઇ. સ્કોર તથા સ્ટેજ વાઇઝ એ.જી.પી. મુવમેન્ટની વિગતો AICTE ના તા. ૦૮/૧૧/૨૦૧૨ના નોટીફીકેશનના એપેન્ડીક્ષ-I ના ટેબલ-II (A) મુજબ રહેશે. | અધ્યાપકોએ મેળવવાના રહેતા કેટેગરીવાઇઝ એ.પી.આઇ. સ્કોર તથા સ્ટેજ વાઇઝ એ.જી.પી. મુવમેન્ટની વિગતો ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશનના તા.૦૪/૦૧/૧૬ ની અધિસૂચનાના એનેક્ષર-II ના ટેબલ II(A) મુજબ રહેશે. |
| (૩) | એ.આઇ.સી.ટી.ઇ મુજબ PERFORMANCE BASED APPRAISAL SYSTEM (PBAS) આધારિત કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમનો અમલ કરવા બાબત | શિક્ષણ વિભાગના તા. ૧૨-૧૧-૨૦૧૪ ના ઠરાવના પારા નં.૨ની જોગવાઇ મુજબ તા.૦૫/૦૩/૨૦૧૦ થી નવી PBAS આધારિત કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ અમલમાં આવતી હોવાથી તા.૦૧/૦૧/૨૦૦૬ થી તા.૦૪-૦૩-૨૦૧૦ સુધીના સમયગાળા માટે પાંચમાં પગારપંચ મુજબ સિનિ.સ્કેલ/સિલે.ગ્રેડ આપ્યા બાદ અધ્યાપકોને છઠ્ઠા પગારપંચની એ.આઇ.સી.ટી.ઇ.ની ભલામણો અનુસારના શિક્ષણ વિભાગના તા.૦૨/૦૮/૨૦૧૧ના ઠરાવ મુજબ પગાર નિયત કરવાનો રહેશે. | તા.૦૫-૦૩-૨૦૧૦થી લાગુ પાડવામાં આવેલ PBAS આધારીત કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ માટે ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન દ્વારા બહાર પાડેલ તા.૦૪/૦૧/૨૦૧૬ની અધિસૂચના મુદ્દા નં. ૩૮ મુજબ અધ્યાપકોએ મેળવવા ના રહેતા કેટેગરીવાઇઝ એ.પી.આઇ. સ્કોરમાં તા.૦૭/૧૧/૨૦૧૫ સુધી તાલીમ વગેરેમાં છૂટછાટ મળવાપાત્ર રહેશે. ત્યારબાદ અધ્યાપકોએ કેટેગરીવાઇઝ એ.પી.આઇ. સ્કોર મેળવવાના રહેશે. |
| (૪) | શિક્ષણ વિભાગના તા.૦૨/૦૮/૨૦૧૧ ના ઠરાવમાં એ.જી.પી. મુવમેન્ટ માટે તાલીમની જોગવાઈ રદ્દ કરવા બાબત | શિક્ષણ વિભાગ દ્વારા તા.૦૨/૦૮/૨૦૧૧થી રાજ્યની ડીપ્લોમા લેવલની સરકારી/અનુદાનિત ઇજનેરી/ફાર્મસી સંસ્થાઓના શૈક્ષણિક સ્ટાફ માટે ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન મુજબ છઠ્ઠા પગાર પંચની ભલામણોના Annexure-IIના મુદ્દા નં. ૧૬ની જોગવાઇ અંતર્ગત તાલીમ મેળવવાની રહેશે. | શિક્ષણ વિભાગ દ્વારા તા. ૦૨/૦૮/૨૦૧૧થી રાજ્યની ડીપ્લોમા લેવલની સરકારી/અનુદાનિત ઇજનેરી/ફાર્મસી સંસ્થાઓના શૈક્ષણિક સ્ટાફ માટે ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન મુજબ છઠ્ઠા પગાર પંચની ભલામણોના Annexure-II ના મુદ્દા નં. ૧૬ની જોગવાઇ રદ્દ કરવામાં આવે છે. |

આ સુધારા ઠરાવ આ વિભાગની સમાનાંકી ફાઇલ પર નાણા વિભાગની તા.૦૬/૧૦/૨૦૧૭ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.વી.રાઠવા)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

શેરાક.સીટીઈ/સીએએસ/ઘ–૧૫/૨૦૧૭/૨૪૨૩૯
ટેકનીકલ શિક્ષણ નિયામકશ્રી ની કચેરી,
બ્લોક–૨, છઠ્ઠો માળ,
કર્મયોગી ભવન,ગાંધીનગર
તા. 13 OCT 2017

**નકલ રવાના:–**

(૧)આ કચેરીના તાબા હેઠળની સરકારી તથા બિનસરકારી પોલીટેનિકો અને ડિપ્લોમા ફાર્મસી કોલેજ તરફ જાણ તેમજ યોગ્ય કાર્યવાહી સારૂ
(૨)કચેરી આદેશ ફાઈલ સારૂ

ટેકનિકલ શિક્ષણનિયામક વતી